# Gujarati (110)
# Marking Scheme
## Class. XII (2026-27)

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. | The question paper is divided in two parts. |
| ➢ વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ) તેમજ ટૂંકા પ્રશ્નો પુછવામાં આવશે.<br>➢ | Part A: Objective type questions. (MCQ) and very short question |
| દરેક ઉત્તર માટે 1 અંક નિર્ધારિત છે.<br>(અ) વિભાગ કુલ 40 ગુણનો હશે. | Each Answer carries 1 mark.<br>Total - 40 marks. |
| ➢ વિભાગ (બ) વર્ણનાત્મક પ્રશ્નો | Part B: Subjective Descriptive questions |
| ➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગમાં પ્રશ્નોત્તર લખવાના રહેશે. | As per the instructions given the questions and answers of this section have to be written. |
| ➢ કુલ ગુણ 40<br>➢ પ્રશ્નપત્રમાં ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અવશ્ય લખવો. | Total - 40 marks.<br>Please write down the serial number of the question before attempting it. |

# ગુજરાતી
# ધોરણ-XII (110)

**સમય – 3 કલાક** **કુલ ગુણ -80**
**Time: 3 hrs.** **M.M.- 80**

**PART A (વસ્તુનિષ્ઠ પ્રશ્નો) (40)**

**(Advanced Reading Skill)**

**પ્રશ્ન-1. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (5x1=5)**

સફળતા અને નિષ્ફળતા માણસના જીવનપથના બે અવિભાજ્ય અંગો છે. વ્યક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં સતત સફળતા મેળવે એ શક્ય નથી. સફળતા ત્યારે મળે છે જ્યારે મનુષ્ય સતત મહેનત, શિસ્ત, નિષ્ઠા અને ધૈર્ય સાથે લક્ષ્ય માટે પ્રયાસ કરે. સફળતા આપણને ઉત્સાહ, આત્મવિશ્વાસ અને નવી ઊંચાઈઓ સર કરવાની પ્રેરણા આપે છે પરંતુ જીવનમાં મળતી નિષ્ફળતા પણ એટલી જ મહત્ત્વની છે. નિષ્ફળતા આપણામાં રહેલી ભૂલો અને નબળાઈઓ સમજવામાં મદદ કરે છે. તે આપણું મનોબળ મજબૂત બનાવે છે અને આગળ વધવા માટેની સાચી દિશા બતાવે છે. નિષ્ફળતા ત્યારે જ નુકસાનકારક બને છે જ્યારે આપણે તેને પરાજય માનીએ. પરંતુ જો આપણે તેને એક ક્ષણિક અવરોધ, એક શીખવાની તક અને નવી શરૂઆતનો પાયાનો પથ્થર માનીએ, તો તે સફળતાનું મૂળ બને છે. જીવનમાં મળેલ દરેક નિષ્ફળતા આપણા ધૈર્ય, સંયમ અને સંઘર્ષશક્તિની પરીક્ષા લે છે અને ભવિષ્યના પડકારો સામે વધુ સજ્જ બનાવે છે. આજની પેઢી માટે આ સમજવું ખૂબ જ જરૂરી છે કે સફળતા ક્યારેય તરત કે સરળતાથી મળતી નથી. યોગ્ય આયોજન, સતત પ્રયત્ન, સ્વયંશિસ્ત અને

નિષ્ફળતાને સ્વીકારવાનો સકારાત્મક અભિગમ - આ ચાર ગુણો કોઈપણ વ્યક્તિની સફળતાનો સૌથી મજબૂત આધારસ્તંભ છે. સફળતા પ્રાપ્ત કર્યા પછી તેનો આનંદ જરૂર માણવો જોઈએ, પરંતુ નિષ્ફળતા પ્રાપ્ત થયા પછી નિરાશ થવું કે હાર માનવી એ યોગ્ય નથી. નિષ્ફળતા એ સંકેત આપે છે કે કદાચ કેટલીક બાબતોમાં સુધારો કરવાની અથવા કોઈ નવી રીત અપનાવવાની જરૂર છે. નિષ્ફળતા આપણને વધુ બુદ્ધિશાળી અને અનુભવસમૃદ્ધ બનાવે છે. જીવનનો દરેક તબક્કો ક્યારેક સફળતા, તો ક્યારેક નિષ્ફળતા આપીને આપણા વ્યક્તિત્વનું ઘડતર કરી જીવનને અર્થપૂર્ણ બનાવે છે. આથી, સફળતા અને નિષ્ફળતા બંને આપણા જીવનના માર્ગદર્શક છે. સફળતા આપણને આગળ ધપાવે છે અને નિષ્ફળતા આપણને સાચી દિશામાં લઈ જવાનું કાર્ય કરે છે.

**પ્રશ્નો:** (I) મનુષ્યને સફળતા ક્યારે પ્રાપ્ત થાય છે?

ઉત્તર: મનુષ્ય સતત મહેનત, શિસ્ત, નિષ્ઠા અને ધૈર્ય સાથે લક્ષ્યપ્રાપ્તિ માટે પ્રયાસ કરે છે ત્યારે તેને સફળતા પ્રાપ્ત થાય છે.

(II) નિષ્ફળતા મનુષ્યને કઈ બાબત સમજાવે છે?

ઉત્તર: નિષ્ફળતા મનુષ્યને પોતાની ખામીઓ, ભૂલો અને નબળાઈઓ સમજવામાં મદદ કરે છે. તે મનોબળ મજબૂત બનાવે છે અને આગળ વધવા માટેની સાચી દિશા બતાવે છે.

(III) સફળતાપ્રાપ્તિના આધારસ્તંભો કયા છે?

ઉત્તર: યોગ્ય આયોજન, સતત પ્રયત્ન, સ્વયંશિસ્ત અને નિષ્ફળતાને સ્વીકારવાનો સકારાત્મક અભિગમ-આ ચાર ગુણો સફળતાપ્રાપ્તિના આધારસ્તંભ છે.

(IV) મનુષ્યનું જીવન અર્થપૂર્ણ ક્યારે બને છે?

ઉત્તર: જીવનના દરેક તબક્કામાં ક્યારેક સફળતા મળે છે તો ક્યારેક નિષ્ફળતા, આ બંને મળીને મનુષ્યના વ્યક્તિત્વનું ઘડતર કરે છે અને જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

(V) મનુષ્યના સાચા માર્ગદર્શક કોણ છે? કઈ રીતે?

ઉત્તર: સફળતા અને નિષ્ફળતા બંને મનુષ્યના જીવનના સાચા માર્ગદર્શક છે. સફળતા મનુષ્યને આગળ ધપાવે છે અને નિષ્ફળતા સાચી દિશામાં લઈ જવાનું કાર્ય કરે છે.

**પ્રશ્ન-2 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો. (5x1=5)**

તનબળ, ધનબળ, બુદ્ધિબળ, સર્વ ન એક જ સાથ;
પાંખો છે જે પ્રાણીને, તો તેને નહિ હાથ.
આપ્યું સૌને ઈશ્વરે, એક એક વિધ જોર;
જોર મુખે છે સર્પને, વૃશ્ચિક(વીંછી) પૂંછ સજોર.
વગર બુદ્ધિએ જોરથી, થતું હોત જો કાજ;
વાઘ, વરુ ને વાંદરાં, કરત જગતમાં રાજ.
જે નિજબળ જાણે નહિ, વરતે પરાધીન;
હાથી અજ્ઞાને રહે, મા'વત આગળ દીન.
પોતામાં પોતાપણું, હોય તો જ સૌ સ્હેલ;
હોય તો જ દીવો બળે દીવામાંહી દિવેલ.
હિકમત ધરે હજાર પણ, ગજા પ્રમાણે થાય;
નખ છેદાય નરેણીએ, કંઠ કદી ન કપાય.

**પ્રશ્નો:**

(I) પોતાની અસીમ શક્તિઓથી અજાણ હાથી મહાવત પાસે કેવો બની જાય છે? - (C) દીન

(II) સ્વશક્તિથી અજાણ લોકો કેવા બની જાય છે? - (B) પરાધીન

(III) કવિતામાં કયા પ્રાણીને 'મુખે જોર' છે એવું કહેવામાં આવ્યું છે? - (A) સર્પ

(IV) વાંદરાં, વરુ અને વાઘ કયા કારણસર જગતમાં રાજ નથી કરી શકતાં?

- (C) બુદ્ધિ વિના માત્ર બળને મહત્ત્વ આપે છે.

(V) 'હોય તો જ દીવો બળે દીવામાંહી દિવેલ' આ પંક્તિ દ્વારા કવિ શેની વાત કરે છે?

-(C) આંતરિક શક્તિના મહત્ત્વની

## (Literature)

**પ્રશ્ન-3** નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો (કોઇપણ પાંચ) (5x1=5)

(I) કવિના મતે મૃત્યુ પછી શું સાથે આવતું નથી?

ઉત્તર: કવિના મતે મૃત્યુ પછી ધન, જન, સંપત કે સાહ્યબી સાથે આવતું નથી.

(II) 'હંકારી જા' કાવ્યમાં કવિ કઈ તીવ્ર ઝંખના વ્યક્ત કરે છે?

ઉત્તર: હંકારી જા' કાવ્યમાં કવિ પ્રભુદર્શનની તીવ્ર ઝંખના વ્યક્ત કરે છે.

(III) લેખક સુરેશ જોશીને મતે કોને થીંગડું દઇ શકાતું નથી?

ઉત્તર: લેખક સુરેશ જોશીને મતે વૃદ્ધાવસ્થા અને જીર્ણતા થીગડું દઈ શકાતું નથી.

(IV) વડલાના હૈયામાં શું સમાયેલું છે?

ઉત્તર: વડલાના હૈયામાં પંખીઓના મીઠાં ટહુકા સમાયેલા છે.

(V) ચિરાયુનું રેશમી વસ્ત્ર સાંધી ન શકાયું...કારણ કે

ઉત્તર: ચિરાયુનું રેશમી વસ્ત્ર સાંધી ન શકાયું...કારણ કે ચિરાયુના રેશમી વસ્ત્ર સાંધી શકાય એટલા પાપ વિનાના વર્ષ બીજા કોઇ પાસે ન હતા.

(VI) શી ઇચ્છા પૂરી કરશો? આ પ્રશ્ન કોણ પૂછે છે?

ઉત્તર : આ પ્રશ્ન સિદ્ધ પુરુષ પૂછે છે.

**પ્રશ્ન – 4 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ( કોઇપણ પાંચ) (5x1=5)**

મેળો આપો તો એક માનવીની સંગ
અને એકલતા આપો તો ટોળે,
જીવતર આપો તો એવું આપો કે
શ્વાસ એના કેફના કસુંબા ઘોળે !
તરતાં ન આવડે લગાર અને તગતગતા
તડકાનો દરિયો લલકારે.
થાકેલી આંખો અંજાતી નથી, તોય
થોડાં મૃગજળ ચળકે છે મઝધારે.
ટીપેથી પાય તો ધરાઉં, સાવ તરસ્યો હું
રહી ગયો છલકાતી છોળે.
સૂની બપોરની આ એકલતા એકલતા
એકલતા બોલી અકળાવો,
ઊગતી સવારના આ ડહોળાતા રંગમાં
જો થોડી સાંજ ઘૂંટી લાવો.
કોઈએ ના હોઠે અડકાડયું એ અમરતને
કોણ હવે આકાશે ઢોળે?

**પ્રશ્નો :**

(I) કવિ મેળો અને એકલતા વિશે શું કહે છે?

ઉત્તર: કવિને આ જગતમાં રહીને એવો અનુભવ થયો છે કે દિલદાર માનવીનો સંગાથ થાય તો માનવતાની મહેક ફેલાવી શકાય. ટોળાની વચ્ચે પણ એકલા રહેવાની શક્તિ મળે તો જીવનમાં હંમેશાં આનંદમાં જ રહી શકાય.

(II) કવિ કેવું જીવન ઇચ્છે છે?

ઉત્તર: કોઈપણ પરિસ્થિતિમાં હંમેશાં આનંદમાં રહે એવું જીવન કવિને ઈચ્છી છે.

(III) મૃગજળ ક્યાં ચળકે છે?

ઉત્તર: પ્રવાહની મધ્યે એટલે કે જીવનના મધ્યકાળમાં કવિને મૃગજળનો ભાસ થાય છે.

(IV) કવિ ક્યાં તરસ્યા રહી ગયા છે?

ઉત્તર: સુખોના છલકાતા સાગરની વચ્ચે તેઓ સાવ જ તરસ્યા છે. માટે પ્રભુ થોડું આપે તોય સંતોષ પામે.

(V) ઊગતી સવારના ડહોળાતા રંગમાં કવિને શું જોઈએ છે?

ઉત્તર:જીવનના ઊગતા પ્રભાતના ડહોળાતા રંગમાં જો થોડી સાંજનો સોનેરી રંગ કોઈ ઘોળી લાવે તો જીવન ધન્ય થઈ જાય.

(VI) કવિ અમૃતને કોઈએ હોઠે નથી અડાડ્યું એવું કહે છે.

**પ્રશ્ન -5 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો.(કોઇપણ પાંચ) (5x1=5)**

જો નિશાળ ન હોત તો બધાના બાળપણનો કાળ સુખમાં જ ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ. એનો એવો જરાય અર્થ નહિ કે મને ભણવાની હોંશ નહોતી. પણ કેરી પીળી કઇ રીતે થાય? નાળિયેરમાં મીઠું પાણી કોણ રેડે? ગર ભરેલી આમલી ઝાડ પર કઇ રીતે તૈયાર થાય? આખો દિવસ આપણે ગીત ગાતાં રહીએ તો શું થાય? આવું આવું શિક્ષણ આપવાનું છોડીને બીજા જ વિષયો ભણાવવામાં આવે છે ! રોજ પ્રાર્થના કરવા છતાં ભગવાન આપવામાં આપણાં પર આટલો ક્રૂર કેમ થાય છે? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી. એટલું વળી ઠીક હતું કે મારા નાનપણમાં જૂનું ગણિત જ હતું, પણ જૂનું ગણિત ભણેલા ભગવાનને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં, ધીમેથી આવીને કહી જવામાં શો વાંધો હતો? મારા વર્ગમાંના વિનાયક દેસાઈને, દીનુ અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે. હકીકતે તો અમે ત્રણેય જણ જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને, 'ભગવાન મને ગણિતમાં પાસ કર.પુરવણી પર શાહી ઢોળવા દઈશ નહિ, એવી એવી માગણીઓ કરતા.

**પ્રશ્નો:**

(I) બાલ્યકાળના સુખની લેખક શી કલ્પના કરે છે?

ઉત્તર: જો નિશાળ ન હોત તો બધાના બાળપણનો કાળ સુખમાં જ ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ જેથી બાળકને વધારે સુખ મળે.

(II) લેખકને નિશાળમાં કયા સવાલનો જવાબ ક્યારેય મળ્યો નથી?

ઉત્તર: રોજ પ્રાર્થના કરવા છતાં ભગવાન આપવામાં આપણાં પર આટલો ક્રૂર કેમ થાય છે? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી.

(III) લેખકના મતે શાળામાં કેવું શિક્ષણ આપવું જોઈએ?

ઉત્તર: કેરી પીળી કઇ રીતે થાય? નાળિયેરમાં મીઠું પાણી કોણ રેડે? ગર ભરેલી આમલી ઝાડ પર કઇ રીતે તૈયાર થાય? આખો દિવસ આપણે ગીત ગાતાં રહીએ તો શું થાય? આવા પ્રકારનું શિક્ષણ શાળામાં આપવું જોઈએ.

(IV) લેખક ભગવાન વિશે શું વિચારે છે?

ઉત્તર: જૂનું ગણિત ભણેલા ભગવાનને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં, ધીમેથી આવીને કહી જવામાં શો વાંધો હતો? મારા વર્ગમાંના વિનાયક દેસાઈને, દીનુ અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે.

(V) જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને લેખક અને તેના મિત્રો શું માંગતા?

ઉત્તર: જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને, 'ભગવાન મને ગણિતમાં પાસ કર. પુરવણી પર શાહી ઢોળવા દઈશ નહિ, એવી એવી માગણીઓ કરતા.

(VI)કવિના શાળાકાળમાં જૂનું ગણિત હતું

## (Applied Grammar)

**પ્રશ્ન-6.(A) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ) (5x1=5)**

(I) નીચેનામાંથી 'પોરસાવવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો. - (B) વખાણ કરવા

(II) 'હસતે મોઢે' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો. - (B) સહર્ષ સ્વીકાર

(III) 'ફરમાન કરવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો. - (D) આદેશ આપવો

(IV) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે? - (B) પેટનું પાણી ન હાલવું – નિશ્ચિંત રહેવું

(V) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી? - (B) માલ ન હોવો – વજૂદવાળું હોવું

(VI) નીચેનામાંથી 'આભા બની જવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.- આશ્ચર્યચકિત થઈ જવું

**(B)સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો .(કોઈપણ ત્રણ) (3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

- (B) હું શબ્દાર્થને નથી વળગતો, ભાવાર્થ આપું એટલે મને સંતોષ.

(II) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

- (C) હજુ શરમ રાખું છું ત્યાં સુધી નહિ તો જોયા જેવી થશે.

(III) નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો.

શાળામાં _____ રમતોત્સવ હોય _____ તેઓ અચૂક હાજર હોય.

- (B) જ્યારે - ત્યારે

(IV) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

ઉત્તર : (D) મહેનત સારી હોય તો સારું પરિણામ આવે

**(C)સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.(કોઈપણ ચાર) (4x1=4)**

(I) નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

- (A) પ્રત્યેક ઘરમાં વીજળીના દીવા પ્રકાશી રહ્યા છે.

(II) નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

- (D) પરમેશ્વર આંખે દેખાતો નથી, પણ એને અનુભવમાં લઇ શકાય છે.

(III) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

- (A) ગોપી અને રમણલાલ આવ્યાં હતાં.

(IV) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

- (A) દરિયાએ મને સ્વપ્ન આપ્યું કે મેટ્રિક પાસ કરી અમેરિકા ભણવા ચાલ્યો જા

(V) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

ઉત્તર - (B) વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપો

**(D) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખો. (કોઈપણ ત્રણ) (3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય શોધો.

- (B) કાવ્યમાં કવિએ કલ્પનાને કાવ્યદેહ અને હાર્દને આત્મા તરીકે કંડાર્યો છે.

(II) નીચેના વાક્યોમાંથી ચાલુ ભૂતકાળનું વાક્ય શોધો.

- (C) સૂર્યોદય થતાં જ સવારનું ઝાકળ ફૂલોની પાંદડીઓ પરથી ધીમે ધીમે ઊડી રહ્યું હતું.

(III) નીચેના વાક્યોમાંથી પૂર્ણ ભવિષ્યકાળનું વાક્ય શોધો.

- (D) દેશની ઉન્નતિ કાજે જ સમાજસેવકોએ સ્વસ્થ સમાજનું નિર્માણ કર્યું હશે.

(IV) નીચેના વાક્યોમાંથી ઉદ્ગારવાક્ય શોધો

ઉત્તર; (D)અરેરે!એણે આવું ન કરાય!

## PART B (વર્ણનાત્મક પ્રશ્નો) (40)

(Literature)

**પ્રશ્ન-7. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (3x2=6)**

(I) નાયકનો સ્વાર્થ અને નાયિકાની નિઃસ્વાર્થ ભાવના શી રીતે આલેખન પામી છે?

ઉત્તર:'વીડી વાઢવા લોકગીતમાં નાયકની સ્વાર્થપરાયણતા અને પત્નીની સ્ત્રીસહજ દાક્ષણિકતા બતાવીને સમાજમાં પુરુષ સમોવડિયણ તરીકે આલેખવામાં આવી છે. નાયક પોતાની પત્ની કરતા કામ પણ ઓછું કરે છે અને તેને મદદ કરવાને બદલે પોતાનો ભારો લઈને પત્નીને એકલી મૂકીને જતો રહે છે. જ્યારે પત્ની પતિ કરતાં કામ પણ વધારે કરે છે, પતિને ભારો ચડાવવામાં મદદ પણ કરે છે. ખેતરમાં એકલી હોવા છતાં હિમત હાર્યા વિના વટેમાર્ગુની મદદ લઈને પોતાનો ભારો લઈને ઘેર આવે છે.

(II) 'હોડી' અને 'સંસાર'નાં પ્રતીકો સ્પષ્ટ કરો.

ઉત્તર: 'હોડી' એટલે માનવજીવન. કવિ મનુષ્યના જીવનને સમુદ્રમાં તરતી હોડી સાથે સરખાવે છે. 'સંસાર' એ મોહમાયાના સંબંધો છે. ભગવાનને કવિ વિનંતી કરે છે કે મારી જીવનરૂપી હોડીનો તારણહાર બનીને, માયાના બંધનમાંથી મુકત કરીને સંસારરૂપી સાગરની સેર કરાવ. પરમતત્વને પ્રાપ્ત કરવામાં મદદરૂપ બન. આમ, કહીને પ્રભુદર્શનની તીવ્રતા કવિએ વ્યક્ત કરી છે.

(III) અર્જુનના ઉદાહરણ દ્વારા કવિ શો સંદેશ આપે છે?

ઉત્તર:અર્જુનના દષ્ટાંત દ્વારા કવિ કહે છે કે સમયની ગતિ કોઈ જાણી શક્યું નથી. મનુષ્ય બળવાન નથી પણ સમય બળવાન છે. મહાભારતનું યુધ્દ પૂરું થયા પછી અર્જુન ભગવાન કૃષ્ણને મળવા ગયો, પણ ભગવાન 'એકલા આવ્યા હતા અને એકલા જ જવાનું'એમ કહી સ્વધામ ગયા. તેથી તે ઉદાસ થયો અને પાછો ફર્યો. રસ્તામાં અર્જુનને મનમાં વિચાર આવ્યો કે એના જેવુ કોઈ બળવાન નથી. ભગવાને કાબાનો વેશ ધારણ કરીને અર્જુનને લૂંટી લીધો. અર્જુન પાસે ધનુષબાણ હતાં છતાં તે હારી ગયો. ત્યારે તેને સમજાય છે કે સમયથી વધુ કોઈ બળવાન નથી.

(IV) ગંગાસતી કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનું કહે છે?

ઉત્તર: ગંગાસતી આલોક અને પરલોકની આશા છોડીને ભક્તિમાં અને ઈશ્વર સ્મરણમાં મન પરોવવાનું કહે છે. જગતમાં મળેલી સિદ્ધિઓને તરણા સમાન ગણવી. સિદ્ધિઓને કારણે અભિમાન ન આવે એની કાળજી લેવી. પોતાના વચનમાં હંમેશાં મક્કમ રહેવું આમ, જગતની મોહમાયાને ત્યજીને ઈશ્વરમય રહેવાનુ કહેવામા આવ્યું છે.

**નોંધ :- (વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)**

**પ્રશ્ન-8 નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ એક) (1x3=3)**

(I) 'હંકારી જા' કાવ્યનો કેન્દ્રવર્તી ભાવ સ્પષ્ટ કરો.

ઉત્તર: પ્રકૃતિ અને પરમતત્વની આરાધના જેમની કવિતાઓમાં કેન્દ્રસ્થાને છે એવા કવિ સુંદરમ્ લિખિત 'હંકારી જા' કાવ્યમાં કવિ ઈશ્વરને મનના માલિક અને તારણહાર કહે છે.

આ કાવ્યમાં ભક્ત હ્રદયની ઉત્સુકતા અને પ્રભુદર્શનની ઝંખના અતિ લાઘવ સાથે રજૂ થઈ છે. કવિ પોતાના જીવનનું સૂનાપણું દૂર કરીને જીવનરૂપી વીણાના બે સૂર વગાડી જવા કહે છે. બે સૂર એટલે કે નામસ્મરણ અને પ્રભુભક્તિ. ઝંઝાના ઝાંઝર પહેરીને પ્રભુદર્શનની ઇચ્છાને પૂર્ણ કરવા વિનવે છે. અભિમાનને કારણે અંધ બનેલી આંખો પરથી અજ્ઞાનનો પડદો ઉપાડીને ઈશ્વરના સાક્ષાત્કારનું સોણલું બતાવવા કહે છે. જીવનની નીરસતા અને શુષ્કતાને દૂર કરીને હ્રદયને પ્રસન્ન અને મોહમાયાથી મુક્ત કરવા અરજ કરે છે.ભૂખી શબરીના બોર આરોગીને એની પ્રભુદર્શનની ઝંખના પૂર્ણ કરી, એમ મારી પણ એ ઇચ્છા પૂરી કરો. હે ! પ્રભુ મારે સંસારરૂપી સાગરને કિનારે બંધાવું નથી પણ સમુદ્રના મોજાની સેર કરવી છે. એટલે કે પરમતત્ત્વને પામવું છે.

કાવ્યના અંતમાં કવિ ઈશ્વરને મનના માલિક કહીને એમની જીવનરૂપી હોડીને ઇચ્છા અનુસાર હંકારીને અંતિમ સ્થાને લઈ જવા કહે છે.

(II) 'વડલો ને પંખીડાં' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

ઉત્તર: કવિ કાગે આ કાવ્યમાં વડલા અને પંખીઓના રૂપક દ્વારા માનવસંબંધોનો મહિમા સમજાવ્યો છે. વનમાં આગ લાગી ત્યારે વડલો, પોતાની ઉપર માળો બાંધીને રહેતાં પંખીઓને માળો છોડીને દૂર દૂર ચાલ્યા જવા કહે છે.

પંખીઓ પાસે પાંખો છે માટે તેઓ ઊડીને દૂર જઇ શકશે, પણ વડલાને તો આગમાં બળીને ખાક થવાનું જ છે. પંખીઓના મીઠાં ટહુકા તે પોતાના હૈયામાં સાચવી રાખશે, પણ પંખીઓ વડલાની આ વાત માનવા તૈયાર નથી. પંખીઓને લાગે છે કે 'જેણે આજ સુધી આશરો આપ્યો તેને આમ કપરી પરિસ્થિતિમાં એકલા મૂકીને ચાલ્યા જવું એ તો માત્ર સ્વાર્થ જ કહેવાય. એનાથી કલંક જ લાગે.' એથી પંખીઓ સાથે મરવાનું, સાથે ઉચાળા ભરવાનું અને સાથે જ ફરીથી જન્મ લઇને વડલા પર માળો બાંધવાનું કહે છે.

કાવ્યનો કેંદ્રવર્તી વિચાર 'કપરી પરિસ્થિતિમાં પણ અતૂટ લાગણી અને સ્નેહબંધન એકબીજાને બાંધી રાખે છે. એ મૂલ્યવાન શીખ અહીં કવિ આપે છે.

(III) 'વતનનો તલસાટ' કાવ્યમાં કવિની જન્મભૂમિનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં લખો.

ઉત્તર: રમણીક અરાલવાળા લિખિત 'વતનનો તલસાટ' કાવ્યમાં માતૃભૂમિનો મહિમા પ્રગટ થયો છે. અહીં વતનવિરહની વેદનાને કારણે કવિ વ્યગ્ર બની ગયા. માતૃભૂમિના વિરહનો કારમો ઘા તેના હૈયે વાગ્યો પણ વેદના તેના આત્માને કોરી ખાય છે. મા વિનાનું બાળક, ધણથી વિખૂટું પડેલું વાછરડું જે તલખાટ અનુભવે છે, તેમ કવિ પણ માતૃભૂમિ વિના ઊંડો ઝુરાપો અનુભવે છે.

પોતાના વતનમાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતા ખેતરો, મહેનતુ ખેડૂતોના મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિરો પર લહેરાતી ભગવા રંગની ધજા, ઓછી ઓછી થતી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધુ જ છે પણ તેમની મમતામયી મા જ નથી એ વિચારે કવિની વેદના ચરમસીમાએ પહોચે છે. જનનીરહિત જનમભૂમિથી અસંતુષ્ટ કવિને જનનીસહિતની વિદેશભૂમિમાં પૂર્ણ સંતોષ પામવાની ઝંખના છે.

**પ્રશ્ન-9 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (3x3=9)**

(I) નારાયણ હેમચંદ્રનું ચરિત્રચિત્રણ કરો.

ઉત્તર: નેશનલ ઇન્ડિયન એસોસિયેશનવાળા મિસ મેનિંગને ત્યાં ગાંધીજીની હેમચંદ્ર સાથે મુલાકાત થઇ. લેખક તરીકે એ જાણીતા હતા. તેમની અભ્યાસપ્રીતિ, ભાષાજિજ્ઞાસા, નિખાલસતા, નિરભિમાન, અખૂટ ધીરજ અને આત્મવિશ્વાસ જેવા ગુણોને કારણે રાષ્ટ્રપિતા ગાંધી એના પર મોહિત થયા હતા. નારાયણ હેમચંદ્રનો પોશાક વિચિત્ર હતો. બેડોળ પાટલૂન, ઉપર ચોળાઇ ગયેલો, કાંઠલેથી મેલો બદામી રંગનો નેક ટાઇ વિનાનો પારસી ઘાટનો પણ ડોળ વિનાનો કોટ અને માથે ફૂમતાવાળી ઊનની ગૂંથેલી ટોપી પહેરતા. કાર્ડિનલ મેનિંગ અને જૉન બર્સના પ્રયત્નોથી ગોદીના મજૂરોની હડતાલ બંધ રહી હતી. આ સાંભળીને હેમચંદ્રે આ સાધુપુરુષને મળવા જવાનું નક્કી કર્યું. ગાંધીજીએ દસ્તૂર મુજબ પોશાક પહેર્યો પણ હેમચંદ્રે એ જ કોટ અને એ જ પાટલૂન પહેર્યું એથી ગાંધીજીએ વિનોદ કર્યો ત્યારે હેમચંદ્રે કહ્યું કે'મહાપુરુષો કદી પોશાક સામું જોતાં નથી એ તો હ્રદયને તપાસે છે.'

નારાયણ હેમચંદ્રને વ્યાકરણનું જ્ઞાન નહિવત્ હતું, પણ બધી જ ભાષા શીખીને તેના અનુવાદ દ્વારા મહાન પુરુષોના વિરલ પુસ્તકોનું જ્ઞાન લોકો સુધી તેમને પહોચાડવું હતું. તેમને અલગ અલગ દેશોનો પ્રવાસ કરવાનો શોખ હતો. તેમનું જીવન એકદમ સાદું અને સરળ હતું. એમેરિકામાં એમના અસભ્ય પોશાક માટે તેની ધરપકડ થઇ પણ પછીથી તેમના જીવનના સિધ્ધાંતોને કારણે તેને છોડી દીધા હતા. આમ, હેમચંદ્ર અલગ વ્યક્તિત્વ ધરાવતા અનોખા ઇન્સાન હતા.

(II) પ્રભાશંકરના વીતેલા જીવનનો ખ્યાલ આપો.

ઉત્તર: 'બીજી થોડીક' વાર્તાસંગ્રહમાંથી લેવાયેલી આ વાર્તામાં પ્રભાશંકરના દુઃખી જીવનનું અસરકારક આલેખન કરવામાં આવ્યું છે. પ્રભાશંકર એક ગરીબ બ્રાહ્મણના પુત્ર હતા. તેના પિતા ગોરપદું કરીને ઘર ચલાવતા હતા.

પ્રભાશંકરના કુટુંબની હાલત 'એક સાંધીએ ત્યાં તેર તૂટે' એવી હતી. ત્રણ-ચાર વરસ નબળા ગયા. તેમનું ઘર આગમાં બળીને ખાક થઇ ગયું. તેમની પાસે જમીન તો તસુભર ન હતી. પિતાની ઓછી આવક અને ત્રણ બહેનોને પરણાવવાની જવાબદારી પ્રભાશંકર પર હતી માટે તેમણે પંદર વર્ષની ઉંમરે એક વેપારીની દુકાનમાં તમાકુના પડીકાં વળવાની નોકરી કરી. પાંચેક વરસ રાહ જોયા પછી આખરે એક દૂરના ગામમાં પંદર રૂપિયાના પગારની પ્રાથમિક શિક્ષકની નોકરી મળી. બહેનોના લગ્ન અને બીજી બધી જવાબદારીઓ નિભાવતા પ્રભાશંકરની ઉંમર પાંત્રીસ વર્ષની થઇ ગઇ.

પ્રભાશંકરે પાંત્રીસ વર્ષની ઉંમરે પારવતી સાથે સંસાર માંડ્યો. સંસારનો ઢસરડો કરતાં એમનો જીવનરસ સૂકાઇ ગયો હતો પણ પારવતીએ કરકસર કરીને હંમેશાં પ્રભાશંકરને સાથ આપ્યો. તેમના મોટા દીકરા મણિશંકરનું અકાળે અવસાન થયું. આ કારમા ઘામાંથી પ્રભાશંકર બહાર આવ્યા ન હતા ત્યાં તો તેમના પત્ની પારવતીનું અવસાન થયું. તેને કારણે પ્રભાશંકર સાવ એકલા પડી ગયા. નાનો દીકરો હસમુખ પિતાની જરા પણ કાળજી રાખતો ન હતો.

આમ, પ્રભાશંકરનું જીવન બાળપણથી વૃધ્ધાવસ્થા સુધી દુ:ખમાં જ વીત્યું.

(III) અખો શા માટે સંસારત્યાગ કરે છે? એની મન:સ્થિતિ જણાવો.

ઉત્તર: આપણા સુપ્રસિધ્ધ મધ્યકાલીન જ્ઞાની કવિ અખાના જીવન વિશે પ્રચલિત દંતકથાને આધારે લેખક ચંદ્રવદન મહેતાએ 'અખાનો સંસારત્યાગ' ચરિત્રનાટક લખ્યું છે. અહીં અખાના જીવનના વળાંકરૂપ સંસારત્યાગના પ્રસંગને આબેહૂબ આલેખ્યો છે. એમાં અખાના ઉદાત્ત વ્યક્તિત્વને સુપેરે ચિત્રિત કર્યું છે.

અખા જેવા સજ્જન વ્યક્તિને સમાજની રૂઢિગત ઢબને કારણે ઘણી મુસીબતો અને અપમાનનો સામનો કરવો પડે છે. અખાના પાડોશમાં રહેતા જમાનાબેન જેમને અખો ધર્મભગિની માનતો હતો. ભાઇ તરીકેની બધી જ જવાબદારી નિભાવતો હતો. જમનાબેન પણ અખાને પોતાનો સગોભાઇ માનતી હતી. આ સબંધો સમાજને માન્ય ન હતા તેથી અખા વિરુધ્ધ જમાનાબેનને ઉશ્કેર્યાં. જમાનાબેન પોતે અખા પાસે જમા કરેલા રૂપિયા કઢાવવા કંઠી પહેરવાનું કહીને કંઠી બનવડાવી, કંઠી બની ગયા પછી અખા પરના અવિશ્વાસને કારણે ચોક્સી પાસે તેની ખરાઇ કરાવવા ગયા. આ વાતની જાણ થતાં અખાને જગતની માયાની સચ્ચાઇ સમજાઇ. પાખંડથી ભરેલી આ દુનિયામાં માણસ તો પામર છે. તે ભરમાઇ જાય છે. માટીના માળખામાં આટલો બધો પ્રપંચ. માનવમાત્રને માયાના બંધન છે. મારી બેન જેવી બેનને પણ મારા પર વિશ્વાસ નથી, પાંચ-પાંચ વર્ષ આટલી નિમકહલાલ સેવા બજાવી તોય સૂબેદારના મનમાં મારે માટે અવિશ્વાસ આવ્યો. માનવજીવન કેટલું સડેલું છે? માયાના આવરણ કેવા લાલ-પીળાં રંગ દેખાડે છે? માયાની ઇન્દ્રજાળથી કોઇ બચી શકતું નથી. માયા જુદા જુદા વેશ, ચિત્રવિચિત્ર પ્રપંચ લીલા વગેરે દ્વારા એ માણસને મર્કટની જેમ નચાવે છે. સોનું ઘડ્યું ત્યારે આળ આવ્યું ને હવે મારે સોનીનો ધંધો જ નથી કરવો. આ સંસાર અસાર છે. આમ, અખાને સંસાર પર વિરક્તિ આવી.

(IV) મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કેવી રીતે કરી?

ઉત્તર: ઈશ્વર પેટલીકર લિખિત 'મોરના ઇંડાં' વાર્તામાં મહીજીનું પાત્ર એક અનોખુ વ્યક્તિત્વ ધરાવે છે. કબુને આણંદથી ખંભાત પહોચડવા મુનીમ અને ગાડીવાન વજેસંગ અને દલભાઇ નીકળ્યા. પડોળીની ભાગોળે આવતા જ સૂર્યાસ્ત થઇ ગયો. મુનીમજીએ મહીજીના દીકરાને વળાવિયા તરીકે લઇ જવાનું નક્કી કર્યું.

પુત્રની કસોટી કરવા પોતે ડાકુ બનીને પુત્ર બુધો જે ગાડાનું રક્ષણ કરવા ગયો હતો એ જ ગાડાને લૂંટવા રસ્તો રોકીને ઊભો રહ્યો, તેણે બુધાને ખસી જવા પડકાર કર્યો. બુધાએ પણ સામો પડકાર કરીને ચાલ્યા જવા કહ્યું. એમ પણ કહ્યું કે 'અલ્યા બાપુ ! મારું માની જા અત્યારે તું મારો બાપ નથી, હજી શરમ રાખું છું ત્યાં સુધી. નહીં તો જોયા જેવી થશે.' પણ મહીજી ખડગની પેઠે અડીખમ રહ્યો. ત્યારે બુધાએ પોતાની ફરજની વચ્ચે આવતા પિતા પર તલવારથી પ્રહાર કર્યો. પરંતુ મહીજી તો પુત્રની નેકીની કસોટી કરતો હતો. તેણે પુત્રને શાબાશી આપતાં કહ્યું કે 'શાબાશ દીકરા હવે મને ખાતરી થઇ ગઇ છે કે તું મારું નામ નહીં બોળે.' આમ મહીજીએ પોતાના પુત્રની નેકી અને ઇમાનદારીની પરીક્ષા કરી.

(V) સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

ઉત્તર: સૉક્રેટિસ દુનિયાનો મહાન વિચારક - બહુ બુધ્ધિશાળી - લોકોને સદાચાર તરફ વળવા પ્રયાસ - લોકોને એની વાતોમાં રસ પડતો, મધમાખીઓની જેમ લોકો એની આસપાસ વીંટાળતા - સૉક્રેટિસ તેમને સાચો ધર્મસમજાવતો. આચાર અને વિચારમાં તે પવિત્ર અને સદાચારી - તે એવું માનતો હતો કે 'પોતાની આવડત કેળવીને પોતાની ફરજ અદા કરે તે જ ઉત્તમ માણસ.' - એથેન્સના રાજવહીવટમાં પડેલા લોકોમાં પણ સૉક્રેટિસ ભળતો. તેમની સાથે ધર્મ, રૂઢિ, રીતરિવાજ વિશે ચર્ચા - સ્વતંત્ર અને ઊંડો વિચારક - પ્રામાણિકપણે જે સાચું લાગે તે કહેતો. તે હંમેશા નમ્રપણે કહેતો કે, 'હું અજ્ઞાની છું જ્ઞાન મેળવવા મથું છું. - યુવાવર્ગ સૉક્રેટિસ પર ખૂબ ખુશ - સૉક્રેટિસના વિચારોની એમના પર ખૂબ અસર - એથેન્સના રાજકર્તા ખૂબ અકળાયા. - સૉક્રેટિસ પર યુવાનોને ભડકવવાનો અને નગરદેવતાને ન માનવાનો આરોપ - તેના પર કેસ ચાલ્યો અને રાજદ્રોહના કાયદા હેઠળ સૉક્રેટિસને મોતની સજા. એથેન્સવાસીઓએ એક મહાન પુરુષને ઝેર આપીને દુનિયામાંથી વિદાય કર્યો.

**નોંધ :- (વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)**

**પ્રશ્ન-10 નીચેના સાહિત્યકારનો દસ-બાર વાક્યોમાં પરિચય કરાવો. (કોઈપણ એક(1x4=4))**

(I) ઉમાશંકર જોશી

(II) દલપતરામ

**નોંધ :- (વિષયવસ્તુ – 3, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)**

(Effective writing Skill)

**પ્રશ્ન- 11. નીચે આપેલ વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. (કોઈપણ એક) (1x8=8)**

**(A) વૃક્ષોનું જતન આબાદ વતન :**

**મુદ્દા:** પ્રાસ્તાવિક – વૃક્ષોની ઉપયોગિતા – વસ્તીવધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ – દેશની સમૃદ્ધિનો આધાર – ઉપસંહાર

**(B) આધુનિક યુગની વૈશ્વિક સમસ્યાઓ :**

**મુદ્દા :** પ્રાસ્તાવિક – વર્તમાન જગત – વિવિધ શોધખોળો – વૈશ્વિક સમસ્યાઓનો ઉદ્ભવ – વર્તમાન જગત પર તેની અસર - ઉપસંહાર.

**(C) જો હું વડાપ્રધાન હોઉં તો...**

**મુદ્દા :** પ્રસ્તાવના – દેશની આજની પરિસ્થિતિ – વડાપ્રધાનના ગુણ – વડાપ્રધાન તરીકેની કામગીરી – ઉપસંહાર

**મુદ્દા :** પ્રસ્તાવના – દેશની આજની પરિસ્થિતિ – વડાપ્રધાનના ગુણ – વડાપ્રધાન તરીકેની કામગીરી – ઉપસંહાર

- પ્રસ્તાવના – ૧
- વિષયવસ્તુ – 3
- ભાષા અભિવ્યક્તિ – ૧
- ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૨
- ઉપસંહાર -૧
- નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ તપાસવો...
- વિષયની પસંદગી
- શરૂઆત: આકર્ષક, સ્વાભાવિક અને સચોટ
- કાવ્ય પંક્તિ, સુભાષિતો કે અવતરણો.
- વિષયાંતર થયું છે કે નહિ
- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી

**પ્રશ્ન 12 તમારી શાળામાં યોજાયેલા 'પુસ્તકમેળા'નો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. (1X5=5)**

**અથવા**

**તમારી શાળામાં યોજાયેલા 'નશામુક્તિ અભિયાન'નો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.**

- પ્રારંભ – ૦.૫
- વિષયવસ્તુ – ૨.૫
- ભાષા અભિવ્યક્તિ – ૧
- ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૧

- અહેવાલલેખન લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :
- અહેવાલના વિષયને સમજી કાચી રૂપરેખા બનાવો.
- ઘટનાક્રમ જાળવો.
- મહત્ત્વની બાબતો રહી ન જાય તેનું ધ્યાન રાખો.
- કોઈપણ ઘટના કે હકીકત જેવી બની હોય એવી જ, જરાય અતિશયોક્તિ વિના લખવી.
- અહેવાલમાં તારીખ, સમય, સ્થળ, વ્યક્તિ વિશેષ વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ કરો.
- ઘટનાના વર્ણાંક કે તબક્કા મુજબ યોગ્ય ફકરા પાડો.
- અહેવાલની ભાષા શુદ્ધ, સરળ અને આકર્ષક હોવી જોઈએ.

**પ્રશ્ન-13. તમારા વિસ્તારમાં રોગચાળો ફેલાયો છે એ વિશે પગલા લેવા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીને પત્ર લખો. (1x5=5)**

**અથવા**

**શહેરના પર્યાવરણને જોખમરૂપ પ્રદૂષણને અંકુશમાં લેવા યોગ્ય પગલા ભરવા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખો.**

સરનામું અને તારીખ- ૧
સંબોધન અને અભિવાદન – ૧
વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ – ૨
સમાપન અને લિખિતંગ – ૧

નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો. પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method) નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન લખવું.
પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી. કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી
* ખાસ નોંધ: પ્રશ્નપત્રમાં જો પ્રેક્ષક કે પ્રતિમાંથી કોઈનું નામ કે સરનામું આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવું નામ કે સરનામું લખવું નહીં.

**********